એનએસએની વિયેતનામની મુલાકાત (01 - 02 નવેમ્બર, 2026)

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોભાલે 1-2 નવેમ્બર 2026 ના રોજ વિયેતનામના હાનોઈની સત્તાવાર મુલાકાત લીધી.

2. મુલાકાત દરમિયાન, એનએસએએ વિયેતનામની કમ્યુનિસ્ટ પાર્ટી (સીપીવી)ની કેન્દ્રીય સમિતિના પોલિટબ્યુરો સભ્ય અને વિયેતનામની જાહેર સુરક્ષા મંત્રીને મળ્યા. બંને પક્ષોએ કાયદાનું અમલીકરણ, સાઇબર સુરક્ષા, દરિયાઈ સુરક્ષા અને આર્થિક સુરક્ષા સહિતના ક્ષેત્રોમાં ચાલી રહેલા સુરક્ષા અને ગુપ્તચર સહયોગ અંગે ચર્ચા કરી હતી. તેઓ આ ક્ષેત્રોમાં ક્ષમતા નિર્માણને વધુ મજબૂત બનાવવા સંમત થયા હતા.

3. એનએસએએ સીપીવીની કેન્દ્રીય સમિતિના મહાસચિવ અને રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી તો લામ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી અને તેમને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

4. એનએસએએ સીપીવીની કેન્દ્રીય સમિતિના પોલિટબ્યુરોના સભ્ય, નાયબ પ્રધાનમંત્રી અને રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રી જનરલ ફાન વાન ઝિયાંગ તેમજ સીપીવીની કેન્દ્રીય સમિતિના પોલિટબ્યુરોના સભ્ય અને વિદેશ મંત્રી શ્રી લે હોઆઇ ટ્રુંગ સાથે પણ મુલાકાત કરી હતી.

5. એનએસએએ રાષ્ટ્રીય વિયેતનામ બૌદ્ધ સંઘ (વીબીએસ)ના મુખ્ય મથક હનોઈમાં ઐતિહાસિક ક્વૉન સુ પેગોડાની મુલાકાત લીધી હતી.

6. ભારત અને વિયેતનામ 2027 માં દ્વિપક્ષીય કૂટનીતિક સંબંધોની સ્થાપનાની 55મી વર્ષગાંઠની ઉજવણી કરશે. આ મુલાકાતથી ભારત-વિયેતનામ ઉન્નત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ દ્વિપક્ષીય સહયોગની પ્રગતિની સમીક્ષા કરવાની તક મળી હતી.

હનોઈ, વિયેતનામ

02 નવેમ્બર, 2026